સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

અનેક સ્ત્રી અને પુરુષો અહીં ગૂમ થાય છે,
બાળકોની તસ્કરી પણ અહીં ધૂમ થાય છે.
બૂમ પડે બિમારીની, થાય છે બાળમરણ -
આરોગ્ય ને 'પોલીસ'ની પીપૂડી સૂમ થાય છે...

હાઈકુ

થાય જન્મ એ
યોજનાઓનું પછી
બાળ મરણ...

ગૂમ વસતિ
લાજવાબ સુરક્ષા
- તો જાય છે ક્યાં ?!

ચિંતન

અલબ્ધ લાભો આલસ્ય ।
આલસ્ય લબ્ધમપિ રક્ષિતું ન શક્યતે ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

આળસુ વ્યક્તિને ક્યારેય અલભ્ય લાભો મળતાં નથી. આળસુ વ્યક્તિ કદાચને કોઈ લાભ મળી પણ જાય તો એનું રક્ષણ કરી શકતાં નથી. આળસ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે. 'પછી' પણ ઠેલનારા આળસુની ઓળખ છે. તે લોકો પરિશ્રમમાંથી હંમેશા દૂર ભાગે છે. તેથી તેમને સફળતા મળતી નથી.

જો ભાગ્યવશ કદાપિ વારસો કે કોઈ પણ મળી પણ જાય તો પણ આળસ અને એના કારણે જન્મેલી અનાવડતને કારણએ એ લબ્ધિને પણએ સાચવી શકતો નથી.

આળશુ, મંદબુદ્ધિ, સુખાસક્ત, રોગી, નિદ્રાળુ અને કામુક આ છ પ્રકારના મનુષ્યોને શાસ્ત્રોમાં 'નિંદિત' ગણ્યા છે. નિંદિત એટલે નિંદા કરવા યોગ્ય, વખોડવા લાયક એમનાથી દૂર રહેવું.

આળસને દૂર રાખવા માણસે ઉદ્યમ-ઉત્સાહ અને શારીરિક સ્ફૂર્તિમાં રહેવું જોઈએ. સતત પ્રવૃત્તિશીલ રહેનાર વ્યક્તિના મનમાં ખોટા-ખરાબ વિચારો પ્રવેશતા નથી અને આળશ તેમનાથી દૂર રહે છે.

સુવિચાર

- અસફળતા કે બીજ સે હી સફળતા રૂપી પૌધા ઉગતા હૈ - **જીવન વિજ્ઞાન**
- જેને પરમ શાંતિ સ્ત્રોત ભીતરમાં જ મળી ગયો છે
  તેને બાહ્ય વેદના કષ્ટ આપી શકતી નથી - **મુની જીતેન્દ્રસૂરિશ્વરજી**
- મને માત્ર દયા માટે જ મોકલ્યો છે, શાપ દેવા માટે નહિ - **હજરત મહંમદ**
- શત્રુના પ્રયત્નોની સતત સમીક્ષા કરવી જોઈએ - **ચાણક્ય**
- તમારે પ્રભુને જોવા હોય તો, તમારે પ્રભુમય બનવું જોઈએ - **જીવન પાથેય**
- સદાચારને અનુસરવું એ ડુંગર ચઢવા જેવું છે,
  પાપને અનુસરવું એ ઢાળ ઉતરવા જેવું છે - **શ્રીધર બુદ્ધદેવ**
- આજનું ઔષધ : મરી પાઉડરને ટમેટાના રસમાં નાખી ૫૦ મીલી જેટલું સવાર સાંજ પીવાથી લો બીપીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સર વિન્સ્ટન ચર્ચિલ ભારે યુદ્ધની કટોકટી સમયે બ્રિટનને 'વિ ફોર વિકટરી' નો સંકેત ઈંગ્લેન્ડના રાષ્ટ્રીય સ્વાભિમાનનું પ્રતીક બની ગયો હતો. લોકોમાં હિંમત અને વિશ્વાસ જગાડવા માટે આજેય ઈંગ્લેન્ડમાં એમનું નામ માનભેર લેવાય છે. એ પછી ૧૯૪૫માં ચર્ચીલના પક્ષની હાર થઈ. પણ ૧૯૫૧માં તેઓ ફરીથી ચૂંટણી જીત્યા અને બ્રિટનના વડાપ્રધાન બન્યા. ૧૯૫૫માં એમની સ્વાસ્થ્ય સારું ન રહેતા રાજીનામું આપ્યું અને રાજકારણમાંથી સંપૂર્ણ નિવૃત્તિ લીધી હતી. આ પછી તેઓ દસ વર્ષ જીવ્યા. નિવૃત્તિના આ દસ વરસ દરમિયાન. તેઓ બાઈબલ વાંચતા અને બાગકામ કરતાં એમના અંગત મિત્ર પોલ કાર્ટની એક રવિવારની સવારે એમને મળવા ગયા ત્યારે તેઓ બગીચામાં જાતે સફાઈ કરી રહ્યા હતા. પોલ કાર્ટની એ એમની સાથે ચર્ચા કરતાં પૂછ્યું, 'હાલ વિશ્વના રાજકીય પ્રવાહો અને ઈંગ્લેન્ડના રાજકારણ વિશે આપ કઈ કહો.' જવાબમાં ચર્ચિલે કહ્યું, 'દોસ્ત, આ બાગકામમાં મને ભારે મજા આવે છે. તમે મને બાગકામ અંગે કોઈ સવાલ પૂછો અથવા બાઈબલની કોઈ ચર્ચા કરો. તો સારું.' મિત્રએ કહ્યું, 'ના, મારે તો તમારા જેવા વિદ્વાન અને ઈંગ્લેન્ડના ઉત્તમ માર્ગદર્શકને રાજકારણ વિશે પૂછ્યું છે.' ચર્ચિલે કહ્યું, 'દોસ્ત, મેં રાજકારણમાંથી નિવૃત્તિ લીધી છે. મારું એ કામ પુરું થયું. હવે મને રાજનીતિમાં લેશમાત્ર રસ નથી. હવે તો આ બાગકામ અને બાઈબલ એ જ મારું જીવનકાર્ય છે.'

'સ્ટડી ઈન ગુજરાત' નવું અભિયાન

તંત્રીસ્થાનેથી...

નાગરિકતા મુદ્દે બાંગ્લાદેશને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે જોતરી ત્યાંથી આવેલા મુસ્લિમોને જાકારો આપતા કેન્દ્ર સરકારના સંશોધિત કાનૂન સામે દેશભરમાં લઘુમતી સમાજ આંદોલન કરી રહ્યો છે, જેને કેટલાંક માનવતાવાદી સંગઠનો, રાજકીય પાર્ટીઓ અને ચુનંદા બૌદ્ધિકોનું સમર્થન સાંપડ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ બેઉ માટે આ આંદોલન શમાવી દઈ નાગરિકતા કાનૂનનો અમલ કરાવવો તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. એ માટે દેશભરમાં વિવિધ પ્રકારની પ્રચાર તરકીબો અને સદ્‌ગુરુ જેવા ચિંતકના અભિપ્રાયો મારફત પબ્લિક ઓપિનિયન કેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આવા માહોલમાં ગુજરાતની કેટલીક શિક્ષણ સંસ્થાઓ સામે ચાલીને પાડોશી દેશોના હોનહાર વિદ્યાર્થીઓને ભારતમાં આવી વિવિધ પ્રકારની શૈક્ષણિક યોગ્યતા હાંસલ કરવા નિમંત્રિત કરી રહી છે, જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું સમર્થન છે, આર્થિક સહયોગ પણ છે. ગુજરાતમાં કયારેક આંગળીના વેઢા પૂરા થાય એટલી યુનિવર્સિટીઓ નહોતી. શિક્ષણનીતિમાં ઉદારીકરણ અને ખાનગીકરણ શરૂ થતાં હવે જિલ્લે જિલ્લે યુનિવર્સિટીઓ સ્થપાઈ છે - એટલું જ નહીં, અનેક ખાનગી ટ્રસ્ટો દ્વારા ચલાવાતી શૈક્ષણિક સંસ્થાઓને ડીમ્ડ યુનિવર્સિટીની માન્યતા અપાઈ છે. બેઠકો વધારવામાં અને નવી કૉલેજો - શૈક્ષણિક સંસ્થાઓએ ઉત્સાહ દાખવ્યો ખરો, પરંતુ રોજગારીની તકો નહીંવત્ હોઈ ઘણી બધી બેઠકો ભરાતી જ નથી. ઘણી બધી એન્જિનિયરિંગ કોલેજો ઉપરાંત પીટીસી - બીએડ્ વગેરે કૉલેજોમાં કાગડા ઊડે છે. ગુજરાત રાજયના શિક્ષણમંત્રી અને શિક્ષણ વિભાગના મેધાવી અગ્રસચિવે આ મુદ્દે પણ જરૂર ધ્યાને લીધો હશે, બાંગ્લાદેશના વિદ્યાર્થીઓને સામે પગલે નોતરવાનો એમનો નિર્ણય ખરેખર આવકારદાયક છે. એથી ગુજરાતની ઉદારનીતિ અને સર્વ સમાલેશી અભિગમ જ ઉજાગર થાય છે. નાગરિકતા અને શિક્ષણ જુદી બાબતો છે. ભારતીય વિદ્યાર્થી અમેરિકા કે અન્ય વિકસિત દેશોમાં સ્ટુડન્ટ વિઝા પર જાય તેથી એ ત્યાંનો નાગરિક નથી થઈ જતો. એ જ રીતે પાડોશી બાંગ્લાદેશ કે જેની સાથે એના જન્મકાળથી જ ભારતના મધુર સંબંધો રહ્યા છે તેના વિદ્યાર્થીઓને સામે ચાલીને ભારતની સવિશેષ ગાંધીના ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં નોતરવાથી એ સંબંધો વધુ મધુર બની રહેશે અને હાલ ત્યાંના કેટલાક નેતાઓને નાગરિકતા કાનૂન સામે વાંધો પડ્યો છે, એનું પણ ઓછુંવત્તું સમાધાન સાંપડશે.

ક્યોંકિ લોહા લોહે કો કાટતા હૈ

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ક્યોંકિ લોહા લોહે કો કાટતા હૈ
- શોલે

૧૯૭૫ની સાલમાં આવેલી આ સુપર-ડુપર હીટ ફિલ્મના વિષયમાં કોઈ જ પ્રકારની પ્રસ્તાવના કે પરિચયની આવશ્યકતા જ નથી. રમેશ સિપ્પી દ્વારા બનાવવામાં આવેલી આ ફિલ્મ બોલિવૂડની માઈલસ્ટોન ફિલ્મ છે, અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર,સંજીવ કુમાર,અમજદ ખાન,હેમા માલીની જેવા ધરખમ કલાકારોને એક નવી જ ઓળખ આપવાનું કામ આ ફિલ્મે કર્યુ છે. આ ફિલ્મનાં સાવ સાદા સંવાદ પણ લોકોની જીભે ચડી ગયા હતા. સલીમ-જાવેદની બેલડીએ આ ફિલ્મની કથા અને સંવાદોને અમરત્વ બક્ષ્યુ છે.

જ્યારે અમિતાભ બચ્ચન ઠાકુરને એટલે કે સંજીવકુમારને પ્રશ્ન પૂછે છે કે, ગબ્બર પણ ડાકુ અને અમે બંને(ધર્મેન્દ્ર અને અમિતાભ) પણ ચોર તો પછી તમે કયા આધારે અમને આ ડાકુને પકડવાનુ કામ સોપ્યું છે? તેના જવાબમાં સંજીવ કુમાર માત્ર એટલુ જ કહે છે કે.. ક્યોંકિ લોહા લોહે કો કાટતા હૈ...

કાંટો જ કાંટાને કાઢે છે...

આવા જ પ્રકારના અર્થને દર્શાવતી એક પંક્તિ કાલિદાસ રચિત કુમારસંભવમ માં પણ મળી આવે છે.

॥ વિષસ્ય વિષમૌષધમ ॥

-ઝેરનું ઔષધ ઝેર છે.

કાલિદાસ સંસ્કૃત ભાષાના એક પ્રખર કવિ હતા. તેઓને મહાકવિ કાલિદાસનું બિરુદ આપવામાં આવ્યું છે. કાલિદાસે કુલ સાત રચનાઓનું સર્જન કર્યું હોવાનું માનવામાં આવે છે. આ રચનાઓ પૈકીના ચાર મહાકાવ્યો તથા ત્રણ નાટકો છે. તેમની રચનાઓમાં 'મેઘદૂતમ્ ', 'ઋતુસંહારમ્', 'કુમારસંભવમ્' અને 'રઘુવંશમ્' એ ચાર મહાકાવ્યો છે અને 'અભિજ્ઞાન શાકુંતલમ્', 'વિક્રમોર્વશીયમ્' તથા 'માલવિકાગ્નિમિત્રમ્' નાટકો સૌથી વધુ જાણીતી રચનાઓ છે. જર્મન કવિ ગેટે તેમના નાટક અભિજ્ઞાન શાકુંતલમ્થી ખુશ થઈને તેને માથે મુકીને નાચ્યા હતા. એમના વિષે વધુ વિગતોની જાણ નથી, પરંતુ એવું મનાય છે કે તેઓ ઈ. સ. પૂર્વે ૧લીથી ઈસ. ૫મી સદી વચ્ચે થઈ ગયા.

કુમારસંભવ મહાકાવ્યમાં કુલ ૧૭ સર્ગ છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

'જેએનયુમાં આકાંક્ષા' અને 'સુરેશ જોષીની સર્જનયાત્રા' એ બે પુસ્તકોનું લોકાર્પણ



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● મહેસાણા ખાતે ડૉ. આંબેડકર ભવનમાં કવિ અનંત રણુંજયાન્વીના કાવ્યસંગ્રહ 'મારો કાવ્યોદય'નો વિમોચન અન લોકાર્પણ સમારોહ તા. ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૯ના નિવૃત્ત માહિતી અધિકારી અને જાણીતા સાહિત્યકાર ડૉ. પી.એ. પરમારના હસ્તે યોજાઈ ગયો. ભીખાભાઈ મકવાના દ્વારા કવિ અનંત રણુંજયાન્વીને શહીદવીર મેઘમાયાની છબી તથા પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કવિ જાન, હિતેન્દ્ર હિતકર, હર્ષદ મકવાણા, અ.ભા. બૌદ્ધ, સંઘ ઉપાધ્યક્ષ પ્રહલાદભાઈ ચૌહાણ તથા વિરમભાઈ બામણીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મલેકપુરના નરેશ જાદવ 'કવિ જાન' દ્વારા કરવામાં આવ્યું હતું. પત્રકાર જયંતિલાલ માંડલિક અને ચંદ્રકાન્ત ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષ, ગુજરાતી ભાષાસાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકારને અપાતો ગૌરવ પુરસ્કાર, સને ૨૦૧૮ માટે જાણીતા સાહિત્યકાર મોહમ્મદ માંકડને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યાના હસ્તે, મોહમ્મદ માંકડના નિવાસસ્થાને જઈને, અનેક જાણીતા સાહિત્યકારો અને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં અર્પણ કરાયો હતો.

● 'જેએનયુમાં આકાંક્ષા' અને 'સુરેશ જોષીની સર્જનયાત્રા' એ બે પુસ્તકોનું લોકાર્પણ થયું. જેનો આસ્વાદ ક્રમશઃ પ્રા. અજયસિંહ ચૌહાણ અને પ્રા. જયેશ ભોગાયતાએ કરાવ્યો. અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

સમર્થ વાર્તાકાર કાનજી ભુટા બારોટની શતાબ્દી વંદના

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સાજણ વિસાર્યા ન વિસરે
જેસુ બાંધ્યો નેહ,
પલપલ હૈયે સાંભરે,
જેમ બપૈયો મેહ.

જેમના જન્મને ૧૫૦ વર્ષ પૂરા થયા તેવા વિશ્વ નાગરિક મહાત્મા ગાંધીને જગત સતત આજે પણ યાદ કરે છે. વ્યકિત પોતાની શારીરિક હસ્તીના અંતે પણ પોતાના કામ થકી જગતમાં ઓળખાતો રહે છે. ૨૦૧૯ માં સૌરાષ્ટ્રના બીજા એક આડાભીડ વ્યકિતની સ્મૃતિ પણ વિશેષ થયા કરે છે. આવા મીઠા સાજણ (સ્વજન) એટલે કાનજી ભુટા બારોટ. ૧૯૧૯ માં પહેલા નોરતે જેમનો જન્મ થયો હતો તેવા આપણાં સમર્થ વાર્તાકાર કાનજીભાઈની જન્મ શતાબ્દીનું આ વર્ષ છે. કાનજીભાઈની વિદાય સાથે દિગ્ગજ વાર્તાકારોની એક ઉજળી પરંપરા ઝાંખી પડી છે. ભાવનગરની પ્રસિધ્ધ ડેલીમાં બેસીને વાત માંડતા ભાવનગરના રાજયકવિ પિંગળશીભાઈ નરેલાની ચિર વિદાય થઈ ત્યારે ગિરનારનું એક શિખર તૂટી પડ્યું હોય તેવો સ્મરણાંજલિનો ભાવ ઝવેરચંદ મેઘાણીએ લખ્યો હતો. ઘેડ વિસ્તારના સુપ્રસિધ્ધ વાર્તાકાર મેઘાણંદબાપાના નિધન સાથે પણ વટવૃક્ષ સમાન વાર્તાકારની વસમી વિદાયની લાગણી અનેક લોકોએ અનુભવી હતી. ''ઊર્મિ-નવરચના'' માસિક થકી કાનજીભાઈના શબ્દો શબ્દ સ્વરૂપે પણ લોકો સુધી પહોંચ્યા. કાનજીભાઈ બારોટ સાહિત્ય પ્રકાશન સમિતિના પ્રયાસોથી કાનજી ભુટા બારોટની વાર્તાઓનો સંગ્રહ '' વાતળિયું વગતાળિયું '' પુસ્તક પણ ૧૯૯૪ માં લોકો સુધી પહોંચી શક્યું તે નોંધપાત્ર છે. આ પ્રકારની વાતોનું એક આગવું મૂલ્ય છે. જે તે કાળની સમાજ વ્યવસ્થા તેમજ માનવીના મીજાજના તેમાં આબેહૂબ દર્શન થાય છે. આથી આવી વાતોના પ્રકાશન થકી દસ્તાવેજીકરણનું એક મહત્વનું કામ થયું છે તેમાં કોઈ શંકા નથી.

કાનજીભાઈની વાતોમાં અનેક વિશેષતાઓ છે. તેમના કથનની શૈલિ અને ધીમા સૂર સાથે શબ્દોની પ્રસ્તુતિ એ તેમની આગવી ઓળખ છે. વાજીંત્રોના કોઈ સમૂહ સિવાય વિશાળ શ્રોતા સમૂહને કલાકો સુધી જકડી રાખે તેવી કથન શૈલિ અને શકિતનો દુર્લભ સમન્વય કાનજીબાપામાં હતો. કંઠ, કહેણી, કથા તેમજ કવિતા સાથે સિતારનો સુયોગ્ય માત્રામાં રણકાર એ તેમના વ્યકિતત્વના અભિન્ન અંગ સમાન હતા, સહજ હતા અને સહજાત હતા. ભારત સરકારની સંગીત નાટક અકાદમીએ બાપાનું સન્માન કરીને (૧૯૮૮) આપણી તળની વાતોનું ગૌરવ કર્યું છે તેમ કહી શકાય. જયમલ્લ પરમારની કળા પારખવાની દ્રષ્ટિ તેમજ '' ઊર્મિ '' ના અસરકારક માધ્યમથી કાનજીભાઈએજાતેજ કલમબધ્ધ કરેલી કથાઓ આપણો વારસો છે. એટલું જરૂર કહેવાય કે આ કથાઓના મર્મી કથકની ખોટ સૌને સાલ્યા કરશે. કાનજીબાપાની આ શકિત કવિ મકરંદ દવેએ એક દૂહામાં સરસ રીતે મૂકી છે.

મકરંદો મજૂર, મીઠપ માંડ ઉપાડતો,
(પણ) કાનડ તારો સૂર, ગૂંજે નભને ગુંબજે !

જે કાળની વાર્તાઓ બાપાએ અંતરના ઉમળકાથી માંડી છે તેમાં તત્કાલિન સમયની અને સમાજ વ્યવસ્થાની સ્થિતિનું તેમજ પરંપરાઓનું આરપાર દર્શન થાય છે. માનવ મનની સ્થિરતા કે અસ્થિરતા વચ્ચે પણ કોઈપણ સ્થિતિમાં સ્થાયી વીરત્વનો ભાવ બાપાની અનેક વાતોમાં ધરબાઈને પડેલો છે. કચ્છ અને તેમાંયે વાગડના દુષ્કાળની વાત બાપાએ રેશમિયા ભેડા નામના આયર યુવાનની કથામાં કહી છે. કથા સાંભળતા કે વાંચતા પણ મનમાં અહોભાવના ઊંડા ભાવ સહેજે પ્રગટે છે. વાગડના કારમા દુષ્કાળથી જીવમાત્ર પરેશાન છે.

ગાયે મકોડા ભરખિયા
અસ્ત્રીએ મેલ્યા બાળ
પાછો વેળ લાબા ફૂલના
તારા કચ્છમાં પડ્યો દુકાળ.

દુષ્કાળની આ દારુણ સ્થિતિમાં એક નેસવાસી ચારણે નિરાધાર થયેલા આયરના માસુમ બાળકને સહજ સ્નેહથી પોતાના ઘરમાં પુત્રની જેમ સમાવી લીધો. ચારણની દીકરી વીજલબાઈ તેમજ રેશમિયાને ભાઈ બહેનની જેવા ઊંડા હેત બંધાયા. કાળ ગતિ કરે છે. રેશમિયો મોટો થઈ ચોટીલા પાસે પાંચાળ વિસ્તારમાં ઘર – ખેતી વસાવે છે તથા સ્વબળે સમૃધ્ધ થાય છે. દિલમાં ઊંડે ઊંડે પાલક ચારણ પિતા તેમજ બહેન વીજલબાઈ તરફ સ્નેહ છે. વીજલબાઈ પિતાની વિદાય પછી વાગડમાંજ ગૃહસ્થી જીવન ગાળે છે. ફરી એક વખત દુષ્કાળના ડાકલા વાગે છે. વીજલબાઈને સુખી થયેલા ભાઈની સ્મૃતિ થાય છે. કપરા કાળમાં સ્નેહી પાસે જઈને મદદ મેળવવાની સહજ ઈચ્છા થાય તે સ્વાભાવિક છે. વાગડથી ચોટીલાના માર્ગે બહેન નાના બાળકો સાથે તેમજ ઊંડી વેદના સાથે ડગલાં માંડે છે. ચાલીને જતા સામે ઓજસ્વી યુવાન ઘોડેસ્વાર મળે છે એ રેશમિયો છે. બહેન – ભાઈ વર્ષોના વિયોગ પછી એકબીજાને ઓળખી શકતા નથી. બહેન આ પ્રતાપી લાગતા ઘોડેસ્વારનેજ રેશમિયાના સમાચાર પૂછે છે. માણસના મનમાંજ સારા – માઠા ભાવ પડેલા હોય છે. થોડી નબળી ક્ષણો અને મનના માઠા ભાવ સાથે ઘોડેસ્વાર જે સ્વયં રેશમિયો ભેડો છે તે આગંતુક બહેનને કહે છે કે રેશમિયો તો હવે આ સંસારમાં નથી. સમાચાર સાંભળતાજ બહેનનું તીવ્ર આક્રંદ અંતરના ભાવથી ઉમટે છે. પ્રકૃતિને પણ રડાવે તેવો આ ચારણની દિકરીનો વિલાપ છે.

ઘોડી મૂવો ઘર ગિયા
મેલ્યા મેહુ લિયે,
રખડી રાન થિયાં
રોળ્યા રેશમિયે.

બહેનનું આક્રંદ રેશમિયાને અંદરથી હલાવી મૂકે છે. બહેન પાસે માફી માગીને ઘેર આવવા નિમંત્રણ આપે છે. પણ આ તો '' અવસર ચૂક્યા મેહુલા '' જેવી વાત થઈ. ભાઈમાં જીવતે જીવ ઉજળી અને ઉમદા વૃત્તિને મરતી જોઈ ઉદાસીના ઓઢણા ઓઢીને વીજલબાઈ પાછી વળે છે. કાનજી ભુટા બારોટની સ્મૃતિને શતાબ્દી વંદના કરવાનો આ સમય છે. હિંગોળદાન નરેલાનો એક અર્થસભર દુહો કાનજીબાપા માટે લખાયો છે.

શબદચોટ, વાર્તાછિટા
ઊંડો લોક અભ્યાસ
(તેથી) રમતા પાત્રો રાસ
તારી કંઠ મોરલીએ કાનજી !

પ્રેમની સાબિતી રૂપે હારતોરા સામે બાપુનો ગુસ્સો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજી જો સૌથી મોટા વિરોધી હોય તો એ કોઈ વ્યક્તિ, સંસ્થા કે સત્તાના ન હતા પરંતુ ખોટા ખર્ચાના હતા. બાપુ કોઈ ગામમાં જવાના હોય તો ત્યાં ગામ લોકો એમનું કુમકુમ તિલકથી આવકાર આપે એ જ ગમતું. હા,નાળીયેરીના પાનથી સુશોભન હોય તો બહુ વાંધો લેતા નહીં કારણ કે તેમાં પૈસા ખર્ચાતા નહીં. અને ગામ લોકોની જાતમહેનતથી એ કાર્ય થતું હતું. પણ એક વખત નોઆખલીના એક નાનકડા બાપુના સ્વાગત માટે ભવ્ય તૈયારી કરી હતી. ગામના શણગારમાં લગભગ દોઢસોથી બસો રૂપિયાનો ખર્ચો કર્યો હતો. નજીકના ગામેથી ફૂલો-જરી રેશમ - લાલપીળા કાગળોથી બાપુના આગમનના પ્રસંગને શણગાર કરવામાં આવ્યો હતું. એટલું જ નહીં ઘી-તેલના દિવાઓની રોશની પણ કરી હતી. આ બધું જોઈ બાપુ ગંભીર બની ગયા હતા.

મનુબેન તેમની ડાયરીમાં નોંધે છે :

કોમી વૈમનસ્ય શાંત પાડવાના પ્રયાસોમાં આ ગામ પહોંચેલા બાપુએ થોડીવાર પછી સ્થાયી કાર્યકર્તા કોણ છે ? આ ગામની વસ્તી કેટલી છે? વગેરે જાણી લેવાનું મને કહેવામાં આવ્યું. મેં જાણીને બાપુને કહ્યું કે, આ ગામમાં ત્રણસો હિંદુ અને દોઢસો મુસલમાનો છે. હિંદુમાં બ્રાહ્મણ, કાયસ્થ અને શુદ્ર છે. બાપુએ ત્યાંના જે મુખ્ય ભાઈ હતા તેમને બોલાવી ઠપકો આપ્યો : 'તમે આ બધું કયાંથી કાઢ્યું?'

... ભાઈએ કહ્યું : 'આપનાં પગલાં અમારે ત્યાં ક્યાંથી હોય ? એટલે અમે બધાં હિંદુઓએ ભેગા મળીને દરેકે આઠ આઠ આના કાઢી - જે વધુ આપી શકે તેમ હોય તેને વધુ આપીને - ત્રણસો રૂપિયા એકઠા કર્યા, અને ફૂલ વગેરે લઈ આવ્યા.'

આથી બાપુ વધુ ચિડાયા : 'આ બધાં ફૂલો અને જે જાહોજલાલી તમે કરી છે તે બધી ક્ષણભરમાં તો કરમાઈ જશે. એ ઉપરથી મને તો

હાથે કાંતેલા સૂતરથી સ્વાગત બાપુએ શરૂ કરાવ્યું

એમ લાગે છે કે, તમે બધા મને છેતરી રહ્યા છો. મારી હિંમતે આ જાહોજલાલી કરી કોમવાદમાં વધુ ઉશ્કેરાટી લાવો છો. તમને ખબર નથી કે હું અગ્નિની જવાળામાં અત્યારે હોમાયો છું?' આટલાં બધાં ફૂલોના હાર કર્યા એના કરતાં એટલા જ સૂતરના હાર કર્યા હોત તો મને આટલું ન લાગત, કારણ એ હાર શોભા પણ કરે અને એમાંથી પાછું કપડું પણ બને. એટલું કંઈયે નકામું ન જાય. મને લાગે છે કે, આ ગામમાં પૈસા વધુ લાગે છે, નહીંતર આવા કપરા સમયમાં આવા હારતોલા કરવાનું તમને ન જ સૂઝત. તમારા મનમાં પ્રેમ છે એ સાબિત કરવા જો તમે આ હારતોરા કર્યા હોય તો એ ખોટું છે. એનાથી પ્રેમ જરાયે નથી આવતો. તમને મારી ઉપર પ્રેમ હોય તો હું કહું છું એટલું કરો તો મારે બસ છે. આ ફૂલોની પાછળ આટલો પૈસો ખરચવાનું તમને તમારી આટઆટલી કત્લેઆમ પછી કેમ સૂઝ્યું હશે તે જ હું નથી સમજી શકતો. અને વળી તમે જાહેર કાર્યકર્તા છો. તમે કહો છો તે પ્રમાણે તમે મારાં પુસ્તકો વાંચ્યા છે, તમે એમ.એ. સુધી ભણેલાં છો, જેલમાં જઈ આવ્યા છો, આ ખાદીની ટૂંકી પોતડી પહેરો છો, અને આ શણગારમાં વિલાયતી મિલનું રેશમ, રિબનો વગેરે વાપર્યું છે! આ બધું મારી દૃષ્ટિએ દુઃખદ છે, એટલું જ કહેવા માંગુ છું. તમારી ઉપરથી હું મારા સમસ્ત કાર્યકર્તાઓનો વિચાર કરું છું કે જે એક દહાડો દેશસેવક તરીકે - પ્રજાના સેવક તરીકે ઓળખાતા તે જ કાર્યકર અને લોકો કંઈક હોદ્દો આપશે તો આવી હારતોરા પહેરાવવાની કે પહેરવાની લાલચમાં તો પડવા નહીં મંડે ? હું જોઉં છું કે, હજું હું છાતી ઠોકીને કહી શકું તેમ નથી કે મારા બધા કાર્યકર્તામાંથી કોઈની પથપરીક્ષા લો, એ સદાયે સાદો જ હશે; એની પાસે ગમે એટલી મોટર, ગમે તેટલા મોટા બંગલાઓ હશે, પણ એ પોતાનું ધ્યેય કદી નહીં છોડે. પણ એવું નથી. ઠીક છે. આજના પ્રસંગે મને વધુ સતેજ કર્યો, વધુ જાગ્રત કર્યો. હું તો આમાં તમારો વાંક નથી જોતો. તમે જેવા હતા તેવા દેખાયા. એમાં કોઈ શું કરે ? પણ હું ક્યાં છું એનું ઈશ્વર મને ભાન કરાવે છે. હજી નસીબમાં શું શું જોવાનું હશે ?

આવી અસહ્ય વેદના બાપુને થશે એની બિચારા કાર્યકર્તાઓને શી ખબર ? એ કાર્યકર્તા એકદમ પડી ગયેલ મોઢે ત્યાંથી ગયા, અને આખોય શણગાર અર્ધા કલાકમાં ઉતરાવી નંખાવ્યો. જેટલું કામમાં લઈ શકાય એટલું લીધું. હારોમાં જેટલા દોરા વપરાયા હતા એ બધા તોડીને બાપુએ દડી બનાવવા કહ્યું. એ દડો ખાસ્સો મોટો બન્યો, અને સીવવાના ઉપયોગમાં લોકોને આપ્યો. સામાન્ય રીતે આપણે ફીરકી વાપરીએ છીએ. એવી લગભગ પંદરથી વીસ ફીરકી થાય એટલા દોરા નીકળ્યા. જો આટલો ઠપકો ન આપ્યો હોય તો એટલા દોરા નીકળ્યા. જો આટલો ઠપકો ન આપ્યો હોય તો એટલા દોરા કયાંક વેડફાય ગયા હોત.

પણ બાપુએ જે સમજણ આપી એ પછી નોઆખલીના બાકીના ગામોમાં મહાત્મા ગાંધીનું સ્વાગત હાથે કાંતેલ સૂતરથી જ થતું શરૂ થયું. અને એવા સ્વાગત થકી નોઆખલીમાં લગભગ પાંચેક તાકા થાય એટલું સૂતર એકઠું થયું અને કપડું વણાવીને ગરીબોને આપવામાં આવ્યું હતું.